# કાર્યો કરવા માટે નક્કી કરેલા ધોરણો

## વિવિધ પ્રવૃતિઓ હાથ ધરવા માટે વિભાગે નક્કી કરેલ ધોરણોની વિગત.

(૧) ગણોતધારાની કલમ-૭૪ અને ૭૬ હેઠળ માસિક ૭૨ કેસોનો નિકાલ કરવાનું ધોરણ છે.

(૨) સરકારશ્રી દ્વારા જાહેર થતી ઝુંબેશ તેની સમય મર્યાદામાં પુરી કરવાની હોય છે.

(૩) નાની બચત શાખાનું મુખ્ય કાર્ય મહીલા ક્ષેત્રીય પ્રધાન યોજના તથા પબ્લીક પ્રોવીડન્ટ ફંડ યોજનાની એજન્સી આપવા-રીન્યુ કરવા-રદ કરવાની કામગીરી થાય છે.

(૪) નાની બચત યોજનાની એજન્સીઓ મેળવવા-રીન્યુ કરવા માટે નિયત નમુનામાં જરૂરી પુરાવાઓ સાથે અરજીઓ સ્વીકારવામાં આવે છે.સદરહું અરજીઓની ચકાસણી કરી નિર્ણય માટે મામલતદારશ્રી મારફતે અધિક કલેક્ટરશ્રીને નિર્ણય અર્થે સાદર કરવાની પ્રથા છે.જે નિર્ણય મુજબ મુસદ્દો તૈયાર કરી એજન્ટને ટપાલ દ્વારા એજન્સી અંગેના નિર્ણય સબંધી જાણ કરવામાં આવે છે.

(૫) અરજીઓ સબંધે વિગતવાર નોંધ મુકવામાં આવે છે.ઠરાવ અને નિયમો ટાંકી વિગતે મુકાયેલી નોંધ સહ નીચેની કક્ષાએથી ઉપલી કક્ષા સુધી અભિપ્રાય અપાય છે.મુસદ્દો મંજુર થયેથી અરજદારને જાણ કરવામાં આવે છે.

(૬) સર્ટીફાઇડ નકલ રેકર્ડ શાખા મારફત આપવામાં આવે છે.જેની સમય મર્યાદા દિન-૧૫ રાખવામાં આવેલ છે.

(૭) આવકના દાખલા સુપંર્ણ વિગત સાથેની અરજી મળેથી અત્રેના જનસેવા કેન્દ્ર મારફત તે જ દિવસે આપવામાં આવે છે.